આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૬/૧૧/૨૦૨૬ થી તા.૨૨/૧૧/૨૦૨૬ સુધી


લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ **મો. નં.: 9825725442**
E-mail : bharatjyotish03@yahoo.co.in



મેષ (અ,લ,ઈ):- કામની વ્યસ્તતાના કારણે અનુકૂળ પરિણામ આપનાર વીક રહેશે. માટે પરિસ્થિતિ પ્રમાણે જાતને તૈયાર રાખવી. જવાબદારી નિભાવવા માટે સમય કાઢવો પડશે. સહકર્મી અને ઉપરી વર્ગનો સહકાર મળશે. નવા પ્રોજેક્ટમાં જવાબદારી વધશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રો વગેરે સાથે સમજદારી રાખવી. વિદ્યાર્થીઓની અશાંતિ વધશે. થાકનો અનુભવ વધે. સમાજ, પરિવાર, ભાગીદારી વગેરેમાં તાલમેળ રાખવો પડશે.




વૃષભ (બ,વ,ઉ):- સપ્તાહની શરૂઆત ખુશખબરીથી થશે. માતા-પિતા વડીલો વગેરેનો સાથ મળશે. પ્રેમમાં સમજદારી વધશે. સમસ્યાનો હલ કાઢવાની ક્ષમતાથી પ્રભાવ વધશે. આયાત-નિકાસ, વિદેશ પ્રવાસ અને ઉચ્ચ શિક્ષણને લગતા કામમાં પ્રગતિ થશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. નવા વેપાર ધંધાના તથા જૂની પ્રોપર્ટીના સોદા થઈ શકે છે. નોકરીમાં નવી તક મળે. પ્રેમમાં સાથ અને નવા રોકાણમાં યોગ્ય સલાહ મળે. આવક વધે.



મિથુ (ક,છ,ઘ):- ભવિષ્યમાં આવનાર આર્થિક ભીંસથી બચવાની યોજના બનાવવી પડશે. સપ્તાહ સામાજિક સમારોહમાં નવા સંબંધોમાં વ્યસ્ત રહે. ઉધાર-લેવા-દેવાનું ટાળવું. પોતાના નવા વિચારોથી બીજાને પ્રેરણા મળે. કોર્ટ-કચેરીમાં અનુકૂળતા થાય. ધાર્મિક યાત્રા થાય. જીવનસાથીનો સાથ મળે. કોર્ટ-કચેરીમાં અનુકૂળતા થાય. ધાર્મિક યાત્રા થાય. જીવનસાથીનો સાથ મળે. શુભ સમાચાર મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. નવા વેપાર ધંધાની યોજના બને. સંતાનોની સમસ્યા સતાવે. વિદ્યાર્થીઓની અશાંતિ વધે.



કર્ક (ડ,હ):- ચાલુ વીકમાં કોર્ટ-કચેરીમાં મદદ મળે. સમાજમાં યશ મળે. મોટા ભાગના કામમાં ભાગ્યના સાથનો અનુભવ આત્મવિશ્વાસ વધારશે. વારસાનાં કામ થાય. સરકારી કામમાં સહી-સિક્કામાં સાવધાની રાખવી. નકારાત્મક લોકો અને વિચારથી બચવું. ઉઘરાણીની ચિંતા સતાવે. લાંબી યાત્રાની યોજના બને. પિતા સાથે ઘર્ષણ થાય. કાયદા કાનૂનમાં મદદ મળે. સમાજમાં માન વધે. આર્થિક પ્રગતિની તક ઊભી થાય.



સિંહ (મ,ટ):- સપ્તાહ દરમિયાન આરોગ્યની સમસ્યાનું સમાધાન થાય. નોકરીમાં નવી તક મળે. વિજાતિય આવેગથી ગેસમજ પેદા થાય. માતા સાથે ઘર્ષણ થાય. કુટુંબ સમસ્યા સતાવે. ઉંમરલાયકના વિવાહની વાતોમાં વિલંબ થાય. રોજના કામમાં બોજ વધશે. સરકારી નોકરીમાં નવી જવાબદારી વધે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. જીવનસાથી સાથે ધાર્મિક યાત્રાથી શાંતિ મળશે.



કન્યા (પ,ઠ,ણ):- વીક દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે. રોજની આવક વધે. પ્રેમમાં આત્મીયતા વધે. મિત્રોનો સાથ મળે. નવા રોકાણથી લાભ થાય. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. નવા સામાજિક સંબંધો વધશે. નોકરીમાં પ્રમોશન થાય. સરકારી નોકરીમાં નવી તક મળે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવવું નહીં. આર્થિક વ્યવહારમાં સાવધાન. ઘરમાં શાંતિ રાખવી.



તુલા (ર,ત):- ચાલુ વીકમાં કેરીયરમાં નવી તકો મળશે. વ્યવહારી નિર્ણય અને ભાવનાત્મક બાબતોથી દૂર રહીને તકનો લાભ ઉપયોગી બની રહેશે. નવાં ઘર, મકાન, મિલકત, વારસા, વાહન વગેરે બાબતે અનુકૂળતા વધશે. નોકરીમાં સ્થાનફેર થાય. બહારનાં કામ થાય. લાંબી મુસાફરીની યોજના બને. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. હરીફાઈયુક્ત પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં ધીરજ રાખવી. નવા રોકાણથી લાભ થાય.



વૃશ્ચિક (ન,ય):- સપ્તાહમાં નવા વિચારોને અનુસરવાથી લાંબા સમયથી અટકેલા કામમાં ગતિ આવશે. યોગ્ય સલાહથી ભૂલો સુધારશે. નવું શીખવાની તક મળે. લાગણીઓ પર કાબૂ રાખવો. નોકરીમાં પ્રમોશન મળે. ઘરમાં નવા ફેરફાર થાય. વડીલોની સમસ્યા સતાવે. બહારના કામનો બોજ વધશે. વિદ્યાર્થીઓએ સખત મહેનત કરવી પડશે. નવાં રોકાણ થાય. પ્રેમમાં ગેરસમજ થાય. નોકરીમાં નવી તક મળે. હરીફોથી સાવધાન.



ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં કેરીયરમાં નવા અવસર મળે. માનસિક અશાંતિથી ઘરમાં તાલમેળ ઓછો રહે. સંતાનોના કામમાં મદદ મળે. ઉઘરાણી આવવાથી નવી બચત યોજના પાર પડે. નવા કામમાં આત્મવિશ્વાસથી શરૂઆત થાય. મિત્રો વગેરેનો સાથ મળે. પ્રેમમાં સાથ મળે. આવક વધારવાની યોજના બને. નવા ઘરમાં નવા ફેરફાર કે વાહન વગેરેના કામ પાર પડશે. અચાનક શુભ સમાચાર મળે.



મકર (ખ,જ):- ચાલુ વીકમાં વડીલોના આરોગ્યની સમસ્યા સતાવે. ઘરના કામનો બોજ વધે. નોકરીમાં નવી તક મળે. સમાજજીવનમાં માન વધે. અચાનક લાંબી મુસાફરીની યોજના બને. ઉઘરાણી અટકે. ખર્ચા વધશે. વાદ-વિવાદથી માનસિક પીડા સતાવે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં અનુકૂળતા રહે. હરીફાઈમાં નંબર આવી શકે છે. ઘરમાં નવો ફેરફાર થાય. આવક વધે. વારસાના કામમાં પ્રગતિ થાય.



કુંભ (ગ,સ,શ,ષ):- વીક દરમિયાન આરોગ્યનું ધ્યાન રાખવું. કામનો બોજ વધશે. યાત્રા-પ્રવાસથી થાક અને માનસિક અશાંતિ વધશે. વિદેશના કામ થાય. બિનજરૂરી ખર્ચા વધશે. વડીલોના આરોગ્યની ચિંતા સતાવે. સામાજિક અને પારિવારિક સમસ્યાના સમાધાનથી આત્મવિશ્વાસ વધશે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. ઉઘરાણી આવી શકે છે. અચાનક ઉચ્ચ કોટિનાં લોકોને મળવાનું બનશે.



મીન (દ,ચ,ઝ,થ):- સપ્તાહ દરમિયાન પ્રભાવશાળી લોકોને મળવાનું બને. નોકરીમાં ઉત્તમ તક ઊભી થાય. સંતાનોના કામમાં પ્રગતિ થાય. નવા રોકાણથી લાભ થાય. આગળ કરેલા રોકાણનો લાભ મળે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. પ્રેમમાં છેતરાઈ જવાનું બને. અચાનક શુભ સમાચાર મળે. પ્રેમમાં વિવાહની ઓફર મળે, નવા સામાજિક સંબંધો વિકસિત થાય. આવક વધે.

ગુજરાતની કુંડળી શું કહે છે?

ગુજરાતમાં 2027ની ચૂંટણીઓનાં પરિણામ ચોંકાવનારાં હશે

ગુજરાત વિધાનસભા ચૂંટણી 2027ને લઈને રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ અને રાજકીય ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે.

આપણે જ્યોતિષની દૃષ્ટિએ ગુજરાતના ભાવિ વિષે જાણવાની કોશિશ કરીએ. ગુજરાતની સ્થાપના કુંડળી પ્રમાણે મંગળના ઘરનું મેષ લગ્ન શુક્રના ભરણી નક્ષત્રનું છે માટે લગ્ન પર શુક્રનો પ્રભાવ વધુ જોવા મળે છે. વૈભવ, સુખ, સમૃદ્ધિ, વેપાર-ઉદ્યોગ અને કલા, સાહિત્ય વગેરેમાં મંગળ કરતાં શુક્રનો પ્રભાવ છે. કારણ કે નક્ષત્ર પ્રમાણે ગ્રહોનો સ્વભાવ બદલાતો હોય છે. પંચમેશ સૂર્ય પોતાની ઉચ્ચ રાશિમાં પણ શુક્રના ભરણી નક્ષત્રમાં છે માટે સરકારનું વચમાં કે અધવચ્ચે પતન થતું નથી. મોટા ભાગે ગુજરાતમાં સત્તા પક્ષ પાંચ વર્ષ પૂર્ણ કરે છે. તેનું કારણ લગ્નમાં ઉચ્ચનો સૂર્ય-સાતમાના માલિક શુક્ર સાથે છે. સાતમું સ્થાન જાહેર પબ્લીકનું અને તેમાં પણ સ્ત્રી વર્ગનું પ્રતિનિધિત્વ શુક્ર અને સાતમું સ્થાન કરે છે માટે ચૂંટણીનાં પરિણામોમાં સ્ત્રી વર્ગનો પ્રભાવ જોવા મળે છે.

મેષ લગ્ન અગ્નિ તત્ત્વનું અને સ્વામી મંગળ પણ અગ્નિ તત્ત્વનો ઊર્જા, સાહસ, સ્વતંત્રતા, સ્પષ્ટતા અને પ્રભાવશાળી નેતૃત્વનો કારક હોવાના નાતે ગુજરાતની પ્રજા ખમીરવંતી અને નેતૃત્વગુણ ધરાવે છે. વૈદિક જ્યોતિષ પ્રમાણે ગુજરાતની કુંડળીમાં મંગળ, સૂર્ય અને ગુરુ શુભ ફળ તથા આ ગ્રહોની દશા અંતર દશામાં ગુજરાતની સુખાકારી વધી તેનું કારણ 1967 થી 1983 દરમિયાન ભાગ્યેશ ગુરુની મહાદશામાં સંઘર્ષ અને અનેક મુસીબતો પછી ગુજરાત પોતાની ઓળખી ઊભી કરવામાં સફળ રહ્યું છે. ચંદ્ર પણ મેષ લગ્નમાં શુભ ફળ આપનાર બને છે.

શનિ બાધક અને સમસ્યાઓ આપનાર બને છે પણ દસમાનો માલિક હોવાથી અને ભાગ્યમાં ગુરુ સાથે હોવાથી તથા શુક્રના નક્ષત્રના કારણે 1984થી 2002 સુધીમાં મુસીબતો, સંઘર્ષ, આંદોલન, હુમલા, હુલ્લડ, આતંકવાદ અને સ્વાર્થી રાજનેતાઓ કે પક્ષની કૂટનીતિના કારણે અનેક મુસીબતો બદનામી, અપયશ, જનતાની સુખાકારીના ભોગે પણ શનિએ ગુજરાતને સ્થિર અને સમૃદ્ધ બનાવ્યું.

ગુજરાતની કુંડલીમાં શુક્ર અને બુધ મારકેશ બને છે. તે અશુભ ફળ આપનાર બને છે. માટે બુધની મહાદશા 2002 થી 2019 સુધીમાં વિચિત્ર રાજનીતિનો ભોગ જ ગુજરાત બન્યું છે. પણ તેના વેપાર-ધંધાનો વિકાસ થયો. શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની સ્થિતિ આ સમય દરમિયાન સારી રહી નથી. શિક્ષણ સમાજના વિકાસનો મુખ્ય આધાર જે બુધની મહા દશામાં ડામાડોળ થયો કારણ બુધ મારકેશ એટલે કે મુસીબતો કે વિપરીત ફળ આપનાર બને છે. 2019 થી 2026 નવેમ્બર સુધીની કેતુની મહા દશાએ ગુજરાતના વિકાસને સ્થિર કરી નાખ્યો. ફક્ત રાજકીય પક્ષો અને રાજકીય કે સત્તાધારી નેતાઓનો જ વિકાસ થયો પણ ગુજરાતનો નહીં કારણ કેતુ બારમે મારકેશ બુધ સાથે છે.

2026 નવેમ્બર એટલે કે 11-11-2026 થી મારકેશ શુક્રની મહાદશા ચાલુ થઈ છે અને આ દશા 2046 સુધીની છે. શુક્ર મારકેશ થઈને મારક સ્થાન પર દૃષ્ટિ કરે છે અને તે મંગળની રાશિ અને કેતુના નક્ષત્રમાં હોવાથી સૌથી પ્રથમ સ્ત્રી વર્ગને પ્રભાવિત કરશે તથા આરોગ્ય અને શારીરિક સમસ્યા પેદા કરીને ખર્ચા વધારશે. લોકોની માનસિક સ્થિતિ કાબુમાં નહી રહે. આક્રોશ વધશે

2026 નવેમ્બર એટલે કે 11-11-2026 થી મારકેશ શુક્રની મહાદશા ચાલુ થઈ છે અને આ દશા 2046 સુધીની છે. શુક્ર મારકેશ થઈને મારક સ્થાન પર દૃષ્ટિ કરે છે અને તે મંગળની રાશિ અને કેતુના નક્ષત્રમાં હોવાથી સૌથી પ્રથમ સ્ત્રી વર્ગને પ્રભાવિત કરશે તથા આરોગ્ય અને શારીરિક સમસ્યા પેદા કરીને ખર્ચા વધારશે. લોકોની માનસિક સ્થિતિ કાબુમાં નહી રહે. આક્રોશ વધશે. શુક્ર ભૌતિક સુખ-સમૃદ્ધિ અને સુવિધાજનક રહેણી કરણીનો કારક છે આ વ્યવસ્થા જનતાને આક્રોસીત કરશે અને સમાજ વગેરેમાં બદલાવ એટલે કે જે સ્થિતિ છે તે સ્થિતિમાંથી બહાર નિકળવાની યોજનામાં સફળતા આપીને નવી વ્યવસ્થાનું નિર્માણ કરશે.

બીજો ધન ભાવ શુક્રના પ્રભાવમાં છે. આ કુટુંબ અને સામાજિક વ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે માટે મોંઘવારી, રોજગારીના કારણે પરિવારોનો આક્રોશ પરમસીમાએ જશે અને સાતમો ભાવ જે ભાગીદારીને પ્રભાવિત કરે છે માટે સરકારની સાથે જોડાયેલ લોકો નેતા-પક્ષ વગેરેમાં મતભેદો પેદા કરશે અને નવી વ્યવસ્થા માટે વાતાવરણ પેદા કરશે. જ્યોતિષના નિયમ પ્રમાણે શુક્ર જ્યારે મારકેશ બને છે ત્યારે દેશે રાજ્ય માટે આર્થિક અને સામાજિક પરિસ્થિતિ પ્રભાવિત થાય છે અને સરકારની બદનામી થાય છે. લોકોનો વિશ્વાસ સરકાર પરથી ઊઠવા માંડે છે અને પરિવર્તનનું વાતાવરણ પેદા કરે છે.

હાલમાં સિંહ રાશિમાં ગુરુ-મંગળ કેતુનો યોગ પાંચમા ભાવમાં થયો છે માટે શિક્ષણ સાથે જોડાયેલ વર્ગથી સરકારને નુકસાન થાય. ઉપરાંત મંગળ પરથી રાહુનું ભ્રમણ ક્રાંતિકારી પરિવર્તનનું સૂચન કરે છે. બારમો શનિ બુધ-કેતુ પરથી પસાર થાય છે માટે સરકારી નોકર નેતા અને સત્તામાં રહેલ પક્ષનો વાણીવિલાસ વધે પણ લોકોની અપેક્ષાઓને સંતોષ મળે નહીં. નવેમ્બર-2027માં જ્યારે ચૂંટણીઓ યોજાશે ત્યારે શુક્રની મહાદશામાં શુક્રની અંતરદશા 2030 સુધીની છે અને લગભગ ચંદ્ર-મંગળની પ્રતિ અંતર દશા હશે. શુક્ર-ચંદ્ર-મંગળ એકબીજાને પ્રતિકૂળ ફળ આપનાર ગ્રહો છે. દશાનાથ સાથે દુશ્મનીનો સંબંધ છે માટે ગુજરાતમાં 2027ની ચૂંટણીઓનાં પરિણામ ચોંકાવનારાં હશે. ખાસ કરીને સત્તાધારી પક્ષ માટે શુભ સમય નથી પણ ગુજરાતના વિકાસ માટે સમય સુધરી રહ્યો છે. દશા-ગોચર અને અતિચારી ગુરુ નવા પરિવર્તનનું સૂચન કરે છે. ગ્રહોની ચાલને કોઈ જ બદલી શકતું નથી. રાશિ પરિવર્તનથી જે ઊર્જા પેદા થાય છે તેની અસર થયા વગર રહે નહીં.

અનુસંધાન... પાના પહેલાનું

મૃત્યુદંડ પર વૈશ્વિક...

ચીન, ઇજિપ્ત, ઈરાન, ઇરાક, જાપાન, કુવૈત, માલદીવ, ઓમાન, પાકિસ્તાન, કતાર, સાઉદી અરેબિયા અને અમેરિકાએ આ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું.

આ પ્રસ્તાવમાં મૃત્યુદંડના સતત અમલ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર યોગ્ય કાયદાકીય સજા નક્કી કરવા સહિત પોતાની આગવી કાયદાકીય પ્રણાલી વિકસાવવાના તમામ દેશોના અધિકારની પુષ્ટિ કરવામાં આવી હતી. તેમાં તમામ દેશોને મૃત્યુદંડ નાબૂદ કરવાના દૃષ્ટિકોણ સાથે ફાંસીની સજા પર રોક લગાવવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, જે દેશોએ મૃત્યુદંડ નાબૂદ કરી દીધો છે તેમને તે ફરીથી લાગુ ન કરવા પણ અપીલ કરવામાં આવી હતી. પ્રસ્તાવમાં એ વાત પર ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે મૃત્યુદંડના ઉપયોગને મર્યાદિત કરવાના વૈશ્વિક વલણ છતાં, ૨૦૨૫માં ફાંસીની સજાઓમાં નોંધપાત્ર વધારો થયો હતો. પ્રસ્તાવમાં તમામ દેશોને મૃત્યુદંડના ઉપયોગને ક્રમશઃ મર્યાદિત કરવા અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ દ્વારા કરાયેલા ગુનાઓ માટે, અથવા ગુનો કરતી વખતે જેમની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવાનું ચોક્કસપણે નક્કી કરી શકાય તેમ ન હોય તેવા કિસ્સાઓમાં મૃત્યુદંડ ન આપવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. તેમાં સગર્ભા સ્ત્રીઓ, માનસિક અથવા બૌદ્ધિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમજ વૃદ્ધ વ્યક્તિઓ પર મૃત્યુદંડનો ઉપયોગ મર્યાદિત કરવા અને ફરજિયાત મૃત્યુદંડની જોગવાઈ દૂર કરવા સહિત જે ગુનાઓ માટે મૃત્યુદંડ આપી શકાય છે તેની સંખ્યા ઘટાડવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.

રાજસ્થાન રેલવે...

રાજસ્થાન ATS અને ગંગાનગર પોલીસે પંજાબ કાઉન્ટર ઈન્ટેલિજન્સ અને ગુરદાસપુર પોલીસના સંકલનમાં 14 નવેમ્બરના રોજ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આ ધરપકડો કરી હતી. ADGP દિનેશ એમ. એન.ના નિર્દેશ હેઠળ, શ્રીગંગાનગર SP હરિશંકરના નેતૃત્વમાં એક સંયુક્ત ટીમની રચના કરવામાં આવી હતી. આ ટીમે કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસેથી ઈનપુટ એકત્રિત કર્યા હતા અને શંકાસ્પદોની ટેકનિકલ માહિતી તથા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનું વિશ્લેષણ કર્યું હતું. તપાસમાં ગુરદાસપુરના રહેવાસી મહકદીપ કૌર અને દેવેન્દ્ર સિંહની સંડોવણી બહાર આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કૌરના પતિ કરણવીર સિંહની અગાઉ પંજાબમાં નાર્કોટિક્સ સ્મગલિંગના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે તેની ધરપકડ બાદ કૌર કથિત રીતે પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સના સંપર્કમાં આવી હતી. તપાસકર્તાઓએ 'શાહ' નામના પાકિસ્તાની હેન્ડલર અને પાકિસ્તાનમાં 'ચાચા' તરીકે ઓળખાતા અન્ય એક વ્યક્તિની ઓળખ કરી છે, જેમણે કથિત રીતે આરોપીઓને રેલવે ટ્રેક વિસ્ફોટ કરવા માટે નિર્દેશ આપ્યો હતો.

સાથે મળીને સરકાર...

રહ્યું છે.

નેતન્યાહૂએ આરોપ લગાવ્યો કે, ઈરાન ઈઝરાયેલને ખતમ કરવા માંગે છે અને તક મળવા પર તેની વિરુદ્ધ પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. તેથી ઈઝરાયેલે ઈરાનના પરમાણુ ખતરાને હંમેશાં માટે ખતમ કરવો પડશે.

નેતન્યાહૂએ કહ્યું કે, આ ખતરાને પહોંચી વળવા માટે દેશમાં રાષ્ટ્રીય એકતાની સરકાર બનાવવી જરૂરી છે. નાની સરકાર કે આતંકવાદ સમર્થક પક્ષોના સહારે ચાલતી સરકાર આવું કરી શકશે નહીં.

ઈઝરાયેલમાં 27 ઓક્ટોબરે યોજાયેલી ચૂંટણીમાં કોઈપણ પક્ષ કે ગઠબંધનને સરકાર બનાવવા લાયક બેઠકો મળી નથી.

120 સભ્યોવાળી સંસદ નેસેટમાં નેતન્યાહૂના ગઠબંધનને 53 બેઠકો મળી. આઈઝનકોટના ચાર પક્ષોવાળા ગઠબંધનને 48 બેઠકો મળી. આરબ પક્ષોએ 19 બેઠકો જીતી._

ઇરાનનો બહેરીનમાં...

મથક છે, અને આ પ્રદેશમાં તમામ કામગીરી માટે સમર્થનના મુખ્ય કેન્દ્ર તરીકે પણ કામ કરે છે. આજે સવારે ઈરાનના ડ્રોનનું નિશાન એક અલગ લક્ષ્ય હતું - રાજધાનીની દક્ષિણે અલ-રિફામાં આવેલું અમેરિકી એરબેઝ. સરકારી બહેરીન ન્યૂઝ એજન્સી આજે સવારે તેમના ખાડી પડોશી દેશને નિશાન બનાવવાની ઈરાનની કાર્યવાહી પર પ્રતિક્રિયા આપતા પ્રદેશના દરેક દેશના નિવેદનો પણ પ્રસારિત કરી રહી છે. જોર્ડન, ઈજિપ્ત, સાઉદી અરેબિયા અને કતાર તમામે આ હુમલાની સખત નિંદા કરી છે અને બહેરીન પ્રત્યે એકતા વ્યક્ત કરી છે. મધ્ય પૂર્વમાં અમેરિકી દળોની દેખરેખ રાખતા અમેરિકન સૈન્યના સેન્ટ્રલ કમાન્ડ(CENTCOM) તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે CENTCOMએ શુક્રવારે કહ્યું હતું કે તેણે બહેરીન તરફ જઈ રહેલા બે ઈરાની ડ્રોનને તોડી પાડ્યા છે અને તે સમયે ઈરાનના એ દાવાને ફગાવી દીધો હતો કે તેણે ત્યાં અમેરિકી અર્લી-વોર્નિંગ રડાર સિસ્ટમને નિશાન બનાવી છે.

દરમ્યાન, ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેણે દક્ષિણ ગાઝામાં કરેલા હવાઈ હુમલામાં હમાસના એક ટોચના કમાન્ડરને ઠાર માર્યો છે. હમાસે એક નિવેદનમાં જૂથની રફાહ બ્રિગેડના કમાન્ડર સમીર મહમૂદ અબુ યુનિસના મોતની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું હતું કે દિવસના અંત ભાગમાં તેમની અંતિમવિધિ કરવામાં આવશે. સેનાએ જણાવ્યું હતું કે રવિવારના હુમલામાં તેણે હમાસના અન્ય આતંકવાદીઓને પણ નિશાન બનાવ્યા હતા, પરંતુ તે અંગે કોઈ વધારાની વિગતો આપી ન હતી. જોર્ડનની સ્ટેટ સિક્યુરિટી કોર્ટે રવિવારે કરક શહેરમાં આવેલા ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચમાં ગયા મહિને થયેલા જીવલેણ ગોળીબાર બદલ ત્રણ શખ્સોને મૃત્યુદંડની સજા સંભળાવી છે, તેમ સરકારી ટીવી ચેનલ 'અલ મમલકા'એ જણાવ્યું હતું. આ શખ્સો પર "આતંકવાદી કૃત્યો આચરવાનો" આરોપ મૂકવામાં આવ્યો હતો. 23 ઓક્ટોબરના રોજ થયેલો આ હુમલો દાયકાઓમાં જોર્ડનના ખ્રિસ્તી લઘુમતી સમુદાય પર થયેલા સૌથી ભયાનક હુમલાઓમાંનો એક હતો, જેમાં નવ લોકો માર્યા ગયા હતા અને અન્ય ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા.

ચીને પ્રથમ ઇલેક્ટ્રિક...

કાપ્યું હતું. એન્જિનિયરોએ અહેવાલ આપ્યો છે કે તમામ સિસ્ટમોએ સામાન્ય રીતે કામ કર્યું હતું અને આ ઉડાન દરમિયાન વિમાને અપેક્ષા મુજબ જ કામગીરી બજાવી હતી. હાલમાં આ વિમાનને નાના વિમાન તરીકે વિકસાવવામાં આવ્યું છે અને તે કલાકના ૩૦૦ કિમીની ઝડપે ઉડી શકે છે અને ૪૦૦ કિમીના અંતર સુધી જઇ શકે છે. એટલે કે નજીકના બે શહેરો વચ્ચે ઉડાન ભરવા માટે તે સક્ષમ છે.

ચાર પ્રાંત શાહબાઝ...

પુનર્જીવિત કરશે. પાકિસ્તાનના ARY ન્યૂઝે સત્તાવાર દસ્તાવેજોને ટાંકીને આ સમાચાર આપ્યા છે. અહેવાલ મુજબ, પાકિસ્તાનના ઇતિહાસમાં પહેલીવાર, ચારેય પ્રાંતીય સરકારો સંઘીય સરકારને 57.46 બિલિયનની ગ્રાન્ટ આપશે. બંધારણની કલમ 164 સંઘીય સરકાર અને પ્રાંતીય સરકારોને એકબીજાને ગ્રાન્ટ આપવાની મંજૂરી આપે છે. પંજાબ, સિંધ, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન આ દાન કરવા માટે આ કલમનો ઉપયોગ કરશે.

સૂત્રો કહે છે કે પાકિસ્તાન માટે આ એક અસામાન્ય પરિસ્થિતિ છે. રાજ્યોને નાણાકીય સહાય પૂરી પાડવાને બદલે, કેન્દ્ર સરકારને દેશ ચલાવવા માટે પ્રાંતો પાસેથી ભંડોળ માંગવાની ફરજ પડી રહી છે. જોકે, આ આકસ્મિક નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનની ખરાબ નાણાકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, શાહબાઝ સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે ચાર પ્રાંતો સાથે બજેટ કરાર કર્યો છે.

આ કરાર હેઠળ, પ્રાંતીય સરકારોએ સંઘીય સરકારને કુલ ૧.૦૩૫ ટ્રિલિયન રૂપિયાની ગ્રાન્ટ આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. હવે, આ વચન પૂર્ણ કરીને, ચારેય પ્રાંતો શાહબાઝ સરકારને ૫૭.૪૬ અબજ રૂપિયાનું દાન કરવા જઈ રહ્યા છે. માહિતી અનુસાર, આ દાનમાં પંજાબ પ્રાંત સૌથી મોટો ફાળો 555.7 બિલિયનનો આપશે, ત્યારબાદ સિંધ 263.7 બિલિયન, ત્યારબાદ ખૈબર પખ્તુનખ્વા 157 બિલિયન અને બલુચિસ્તાન 58.6 બિલિયનનું યોગદાન આપશે. શાહબાઝ સરકારના સૂત્રો કહે છે કે પ્રાંતો તરફથી આ દાન સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, એટલે કે ભંડોળ રાજ્યોને પરત કરવાની જરૂર રહેશે નહીં અને સરકાર તેનો ઉપયોગ અન્ય રાષ્ટ્રીય ખર્ચાઓને પહોંચી વળવા માટે કરી શકશે.

GODREJ FINANCE — **ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ**

રજિસ્ટર્ડ ઓફિસઃ ગોદરેજ વન, પીરોજશા નગર, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, વિક્રોળી (પૂર્વ) મુંબઈ- 400079
શાખાનું સરનામુંઃ ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ, માઈલસ્ટોન ઇન્ડિગો, 302 માઈલસ્ટોન ઇન્ડિગો, ગુજરાત સમાચાર પાસે, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત - 395002

ધિરાણ લેનાર(ઓ) / જામીનદાર(ઓ)ના નામ

1. શ્રી ભાવેશ મહેશ્વરી, ફ્લેટ નં. A/703, 7મો માળ, શિવાલિક હાઇટ્સ, વેસુ, સુરત, ગુજરાત - 395007
2. સુશ્રી સુનિતા મહેશ્વરી, ફ્લેટ નં. A/703, 7મો માળ, શિવાલિક હાઇટ્સ, વેસુ, સુરત, ગુજરાત - 395007

(હવે પછી સામૂહિક રીતે "ધિરાણ લેનારાઓ" તરીકે ઓળખવામાં આવશે)

સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-ઓક્શન વેચાણ નોટિસ

સરફેસી (SARFAESI) એક્ટ, 2002 ની કલમ હેઠળ, સુરક્ષિત હિત (અમલીકરણ) નિયમો, 2002 ના નિયમ 8(6) અને 9(1) સાથે વાંચતા આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને ધિરાણ લેનારાઓ, સહ-ધિરાણ લેનારાઓ, જામીનદારો અને ગિરવે મૂકનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સુરક્ષિત લેણદાર પાસે ગિરવે મૂકવામાં આવી છે. ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા મિલકતનો શારીરિક કબજો (ફિઝિકલ પઝેશન) લેવામાં આવ્યો છે. ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડને ચૂકવવાપાત્ર રકમ રૂ. 49,27,304/- (અંક રૂપિયા ઓગણપચાસ લાખ સત્તાવીસ હજાર ત્રણસો ચાર માત્ર) જે તારીખ 10.11.2026 સુધી બાકી છે, તેની વસૂલાત માટે તારીખ 11.11.2026 થી આગળના વ્યાજ સાથે, સદર સ્થાવર મિલકત "જે સ્થિતિમાં છે, જ્યાં છે", "જે સ્થિતિમાં છે, તેવી છે" અને "જે કંઈ પણ છે" ના ધોરણે તારીખ 02.12.2026 ના રોજ વેચવામાં આવશેઃ

સ્થાવર મિલકતનું વર્ણનઃ

ફ્લેટ નં. A-703 ની જગ્યા, જેનો સુપર બિલ્ટ-અપ એરિયા 1475.00 ચોરસ ફૂટ એટલે કે 137.08 ચોરસ મીટર અને બિલ્ટ-અપ એરિયા 102.012 ચોરસ મીટર છે, સાથે જમીનમાં અવિભાજિત હિસ્સો 28.94 ચોરસ મીટર છે, જે "7મા માળે" વિંગ નં. A "શિવાલિક હાઇટ્સ" ખાતે આવેલ છે. આ મિલકત રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, ઉપ-જિલ્લો અને તાલુકોઃ સુરત શહેર, મોજેઃ વેસુ, રેવન્યુ સર્વે નં. 45/2, ટી.પી. સ્કીમ નં. 1 (વેસુ), ફાઇનલ પ્લોટ નં. 72 પૈકી દક્ષિણ બાજુ ક્ષેત્રફળ 2341.13 ચોરસ મીટર વાળી જમીન પર વિકસિત છે. પૂર્વમાંઃ બાજુની મિલકત પશ્ચિમમાંઃ એફ.પી. નં. 123 ની બાજુની મિલકત ઉત્તરમાંઃ શ્યામ વિહાર અપાર્ટમેન્ટની બાજુમાં દક્ષિણમાંઃ ટી.પી. રોડની બાજુમાં

કબજાની સ્થિતિ : શારીરિક કબજો
અનામત કિંમત : રૂ. 39,20,000/- (અંક રૂપિયા ઓગણચાલીસ લાખ વીસ હજાર માત્ર).
અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): રૂ. 3,92,000/- (અંક રૂપિયા ત્રણ લાખ બાણું હજાર માત્ર).
મલ્ટીપ્લાયર રકમ : રૂ. 25,000/- (બોલીની ઓફરમાં સુધારો કરવા માટે).
નિરીક્ષણની તારીખ અને સમયઃ 10.11.2026 થી 01.12.2026 - સવારે 10:00 વાગ્યાથી સાંજે 04:00 વાગ્યા સુધી (સંપર્ક નં.: શ્રી સાગર કર્ણીક - 9930088906).
EMD અને જરૂરી દસ્તાવેજો જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમયઃ 01.12.2026 - સાંજે 4:00 વાગ્યે.
ઇ-ઓક્શન વેચાણની તારીખ અને સમયઃ 02.12.2026 - સવારે 11:00 વાગ્યાથી બપોરે 12:00 વાગ્યા સુધી.
ઇ-ઓક્શન પોર્ટલનું નામઃ www.auctionbazaar.com.
સંપર્ક સરનામુંઃ અધિકૃત અધિકારી, ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ, માઇલસ્ટોન ઇન્ડિગો, 302 માઇલસ્ટોન ઇન્ડિગો, ગુજરાત સમાચાર પાસે, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત - 395002. સંપર્ક વ્યક્તિઃ શ્રી સાગર કર્ણીક - 9930088906.

1. રસ ધરાવતા ખરીદદારોને વિગતવાર નિયમો અને શરતો માટે કંપનીની વેબસાઇટ www.godrejcapital.com ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે. આ નોટિસ કંપનીની અધિકૃત વેબસાઇટ finance.godrejcapital.com/gf/information-and-policies પર પણ અપલોડ કરવામાં આવી છે.
2. વેચાણ હરાજી વેબસાઇટ www.auctionbazaar.com દ્વારા 'ઓનલાઈન ઈ-ઓક્શન' સ્વરૂપે થશે.

તારીખઃ નવેમ્બર 16, 2026
સ્થળઃ સુરત

અધિકૃત અધિકારી
ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ

શારદાયતન

લાયન્સ ઉમરા-પીપળોદ એજ્યુકેશન સોસાયટી, સુરત.
લેકવ્યુ ગાર્ડન સામે, પીપળોદ, સુરત - ૩૯૫૦૦૭.
મો. 9687652535, 9870039556

ટેન્ડર નોટીસ

લાયન્સ ઉમરા-પીપલોદ એજ્યુકેશન સોસાયટી, સંચાલિત શારદાયતન શાળા પ્રી-પ્રાયમરી તેમજ પ્રાયમરીના આશરે ૧૭૦૦ વિદ્યાર્થી માટે સવારે ૧૦ કલાકે પૌષ્ટિક નાસ્તો (અલ્પાહાર) આપવા માટે ટેન્ડર (ભાવપત્રક) આમંત્રિત કરે છે. રસ ધરાવતા વ્યકિતએ જાહેરાતના **૫ દિવસ** માં ટેન્ડર (ભાવપત્રક) બંધ કવરમાં ઉપરના સરનામે પહોંચતા કરવા.

જાહેર નોટીસ મે.સુરતના જયુડી. મેજી.ફ.ક.(મ્યુનિસિપલ કોર્ટ) સાહેબશ્રીની કોર્ટ, સુરત.

અરજદાર : રાહુલ અશોક મહાકુડ — નં.જ.મ.પ્ર.અ/CRMAJ/૩૨૬/૨૦૨૬
રહે. ૧૯૮, રાધેશ્યામ નગર, પાંડેસરા, સુરત — તા. ૨૮/૧૦/૨૦૨૬
વિરૂધ્ધ
સામાવાળાઃ જન્મ-મરણ અધિકારીશ્રી, સુરત મહાનગર પાલીકા, સુરત

વિષયઃ-જન્મ મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા - વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદાર રાહુલ અશોક મહાકુડ રહે. ૧૯૮, રાધેશ્યામ નગર, પાંડેસરા, સુરત. રાહુલ અશોક મહાકુડ જનમ તા.૩૦/૦૪/૨૦૦૧ ના રોજ રહે. વર્ધમાન હોસ્પીટલ, ઉધના, મેઈન રોડ, સુરત ખાતે થયેલ છે. અને તેઓના જનમની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જનમની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તારીખ ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — સહી, જયુડી.મેજી.ફ.ક.,(મ્યુનિ. કોર્ટ), સુરત

મોજે ગામ દેવધના પંચાયત પ્રોપર્ટી નંબર ૧૧૧, ૧૧૨, જેનો સીટી સર્વે ૨૪૨, ૨૪૩, ૨૭૦ અંગે જાહેર નોટીશ/ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનુ કે સુરત ડીસ્ટ્રીક્ટ ચોર્યાસી સબ ડિસ્ટ્રીક્ટના **મોજે ગામ દેવધ**ના જલારામ ફળીયામાં આવેલ **પંચાયત પ્રોપર્ટી નંબર ૧૧૧, ૧૧૨**, જેનો **સીટી સર્વે ૨૪૨, ૨૪૩, ૨૭૦** વાળી મીલ્કતો હમારા અસીલોના **દાદા મરહુમ અમથાભાઈ રેવલભાઈ વાઘેલા** કનેથી વડીલોપાર્જીત હકકે મળેલ છે જેમાં હિન્દુ કાયદા મુજબ **તેમના સીધીલીટીના વારસદારો ચુનીલાલ અમથાભાઈ, ઈચ્છુભાઈ અમથાભાઈ તથા કાળીદાસ અમથાભાઈ**ના ઓનો વણવહેચાયેલ દરેકનો ૧/૩ મો માલીકી હકક, હીત, હીસ્સો ચાલી આવેલ છે, જેનો શાંત પ્રત્યક્ષ માલીકી કબજો વર્ષોથી હમારા અસીલોનો ચાલી આવેલ છે, મજકુર મીલ્કતો બાબતે હમારા અસીલે નામદાર **ગુજરાત હાઈકોર્ટમાં SCA નં.૧૭૩૮/૨૦૧૫** ની કરેલ છે તથા નામદાર સુરતના સિવિલ કોર્ટમાં વહેંચણ બાબતે તથા વેચાણ દસ્તાવેજ રદ બાતલ કરવા માટેનો રે.દી.મુ. નંબર ૧૦૯/૨૦૨૪ નો કરેલ છે જે હાલ દરમ્યાન મનાઈ હુકમની સુનાવણી ઉપર ચાલે છે મજકુર મીલ્કત બાબતે હમારા અસીલે અગાઉ ગુજરાતમિત્ર ન્યુઝપેપરમાં તા.૨૧/૦૨/૨૦૨૪ ના રોજ જાહેર ચેતવણી આપેલ તેમ છતાં **મરહુમ કાળીદાસ અમથાભાઈના વારસો તથા હેમંતકુમાર ચંદ્રકાંત ગાયવાલા**ની બદદાનત થયેલ હોય લીઝ પેન્ડન્સી કાયદા વિરુદ્ધ મજકુર મીલ્કતો ગેરકાયદેસર વેચાણ કરવા ફરી રહેલા હોવાનું જાણવા મળેલ છે, જે સંજોગોમાં આ નોટીશ થકી જણાવવાનું કે ઉપર જણાવેલ મીલ્કતો બાબતે કોઈએ કોઈપણ જાતના વેચાણના કે અન્ય વ્યવહારો કરવા કરાવવા નહીં, જો કોઈ વ્યવહાર કરશે તો તેમને કોઈ ટાઈટલ તથા કબજા હકક મળશે નહીં અને તેવા ઈસમો સામે કાયદેસરની ફોજદારી તથા સીવીલ રાહે પગલાં ભરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસઃ ૬, મંગલદાસ શોપિંગ સેન્ટર, જલારામ સોસાયટીની સામે, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. મો. ૯૯૨૫૧ ૮૦૧૯૦ (તા. ૧૬/૧૧/૨૦૨૬)

પી. આર. પટેલ એડવોકેટ એન્ડ નોટરી
નિધિ એસ. પટેલ તે મરહુમ ઈચ્છુભાઈ અમથાભાઈ વાઘેલા તથા મરહુમ ચુનીલાલ અમથાભાઈ વાઘેલાના વારસદારના એડવોકેટ્સ

ટી.પી.સ્કીમ નંબર : ૭૬, ફાયનલ પ્લોટ નંબર : ૧૧૪/એ થી નોંધાયેલ બીનખેતીની જમીનના

ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : મજુરા, **ગામ : ગવીયર, બ્લોક/સર્વે નં.૫ થી** નોંધાયેલ જમીન કે જેનું ગામ નમુના નંબર : ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ સુમારે **૧૭,૯૦૭ સ.ચો.મી.** જમીન કે જેને **ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૭૬ (ડુમસ-વાંટા-ગવીયર) લાગુ પડતાં, ઓરીજીનલ પ્લોટ નંબર : ૧૧૪ થી નોંધાયેલ જમીનમાં ફાળવવામાં આવેલા ફાયનલ પ્લોટો પૈકી ફાયનલ પ્લોટ નંબર : ૧૧૪/એ થી નોંધાયેલ જમીન** કે જેનું ફાયનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ અનુક્રમે **૧૦૫૨૦ સ.ચો.મી.**વાળી જમીનના રેવન્યુ રેકર્ડ દફતરે તથા સ્થળ ઉપર માલિક/કબજેદાર તરીકે **(૧) પ્રદિપભાઈ ભાણાભાઈ, (૨) પ્રકાશભાઈ ભાણાભાઈ, (૩) બિપીનભાઈ ભાણાભાઈ તથા (૪) આશાબેન ભાણાભાઈ**, તમામ રહેવાસી : ગામ : ગવીયર, તાલુકો : મજુરા, જીલ્લો : સુરતના ચાલી આવેલ છે. તેઓ **ફાયનલ પ્લોટ નંબર : ૧૧૪/એ** થી નોંધાયેલ રહેણાંકના હેતુસરની બીનખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ **૧૦૫૨૦ સ.ચો.મી.** જમીનના ટાઈટલ અંગેની કાર્યવાહી કરવા માંગે છે. જેથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવીએ છીએ કે, ઉપરોક્ત નોટીસમાં જણાવેલ જમીન સંબંધે હમારા અસીલ ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ મેળવવા તેમજ ટાઈટલ ક્લીયરન્સ પ્રમાણપત્ર મેળવવા માંગતા હોવાથી સદર બીનખેતીની જમીન અન્વયે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, સંગઠન, પેઢી, કંપની, મંડળી, બેંક કે કોઈપણ સંસ્થાના કોઈપણ પ્રકારનો ચાર્જ/બોજો ચાલી આવેલ હોય તો તેઓએ તથા સદર જમીન અન્વયે કોઈપણ પ્રકારના ઈઝમેન્ટના કે સીવીલ રાઈટસ જેવા કોઈપણ પ્રકારના સીધા કે આડકતરો હક્ક, અધિકાર ચાલી આવેલ હોય તો તેઓએ **દિન-૧૫** માં નીચે દર્શાવેલ ઓફીસના સરનામે લેખિત પુરાવા સહિત વાંધા તકરાર રજુ કરવા અન્યથા હમારા અસીલ સદર જમીન સંબંધે ટાઈટલ અંગેની તમામ કાર્યવાહીઓ પૂર્ણ કરશે-કરાવશે અને ટાઈટલ ક્લીયર રીપોર્ટ આપવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓ.૪૦૨, ચોથોમાળ, સુંદરમ પ્લસ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સામે, અઠ્ઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.૯૯૦૯૨ ૮૪૭૦૫

રિનેશ એમ. ખડાવાલા એડવોકેટ

મોજે : ઓરગામ, તા. બારડોલીનાં બ્લોક નં. ૧૦, ૧૧ તથા ૧૨ વાળી જમીનોનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **મોજે : ઓરગામ,** તા. બારડોલી, જી. સુરતની સીમમાં નીચે જણાવેલ ખેતીની જમીનો આવેલ છે.

અ.નં.	સર્વે નં.	બ્લોક નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	કબજેદાર
૧.	૬૨/૩	૧૦	૧-૦૦-૦૬	જયંતિભાઈ મકનભાઈ પટેલ
૨.	૬૨/૪	૧૧	૦-૯૫-૧૦	અશોકભાઈ મકનભાઈ પટેલ મિહીર અશોકભાઈ પટેલ
૩.	૬૧	૧૨	૦-૫૭-૬૭	

ઉપરોક્ત જમીનોનાં માલીકોએ ઉપરોક્ત જમીનો તેઓની માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું અને જમીનનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહુ જમીનો હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈનાં કાંઈપણ પ્રકારનાં લાગ ભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ખાધાખોરાકી યા લીયન નાં હકકો યા ઈઝમેન્ટ નાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં હમોને લેખીત માં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવુ માની હમારા અસીલ અવેજની રકમ ચુકવી સદરહુ જમીન અંગેના બાનાખત/સાટાખત, રજી. વેચાણ દસ્તાવેજ તેમજ આનુષાંગીક પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં જમીનનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

પિયુષ ડી. પરમાર એડવોકેટ એન્ડ નોટરી

ઓફીસ : ૧૧૫-૧૧૬, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત. મોબાઈલ નં. ૯૯૦૯૧ ૬૨૫૫૩

જાહેર વિજ્ઞપ્તી
સુરત મહાનગરપાલિકા
FIT INDIA

નાણાંકિય વર્ષ ૨૦૨૭-૨૦૨૮ નાં ડ્રાફ્ટ અંદાજપત્ર અંગેના સુચનો

સુરત શહેરનાં નાગરિકોને જણાવવાનું કે, નાણાંકિય વર્ષ ૨૦૨૭-૨૦૨૮ નાં સુરત મહાનગરપાલિકાનાં ડ્રાફ્ટ અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના સંદર્ભમાં હાલમાં સુરત મહાનગરપાલિકા જે સેવાઓ પૂરી પાડે છે તે વધુ કાર્યક્ષમ અને સારી રીતે પુરી પાડી શકાય તે હેતુથી સુરત શહેરનાં નાગરિકો પાસેથી ટૂંકા/ લાંબાગાળાના આયોજન, વિકાસ કામો અને કામગીરી અંગેના આવકારદાયક સૂચનો નીચે મુજબ પૂરા પાડવા વિનંતી કરવામાં આવે છે.

(A) Online સુચનોઃ-

સુરત મહાનગરપાલિકાની વેબ સાઇટ www.suratmunicipal.gov.in ઉપર જાહેરાતની તારીખથી દિન-૭ માં સૂચનો કરી શકશે.

(B) Offline સુચનોઃ-

આ અંગેના લેખિત સુચનો મ્યુ. કમિશ્નરશ્રીને ઉદ્દેશીને સૂચનના મથાળે / કવર પર "નાણાંકિય વર્ષ ૨૦૨૭-૨૦૨૮ અંદાજપત્ર સૂચન" એ પ્રમાણે દર્શાવી મહાનગરપાલિકાની મુખ્ય ઓફિસે રૂમ નંબર ૭૫, સેન્ટ્રલ ઓફિસ, સુરત મહાનગરપાલિકા, સુરતને સદર જાહેરાતની તારીખથી દિન-૭ (સાત) માં લેખિતમાં મોકલી આપવા વિનંતી.

નં.પી.આર.ઓ./૩૪૨/૨૦૨૬-૨૭ — ડે.મ્યુનિ.કમિશ્નર(ડી.)
તા. ૧૩/૧૧/૨૦૨૬ — સુરત મહાનગરપાલિકા

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટ તાલુકો ઓલપાડના મોજે ગામ દિહેણના સર્વે નં. ૧૪૪/૨/૨/અ, ૧૪૪/૨/૨/બ જેનો બ્લોક નં. ૪૩ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું કુલ ક્ષેત્રફળ હેકટર ૦૦-૪૦-૪૭ આરે-ચો.મી. છે. જેનો આકાર રૂા. ૫.૩૧ પૈસા છે. તે જમીનનાં માલિક ભોગીલાલ ભીમભાઈ પટેલ, પાર્વતીબેન ભીમભાઈ પટેલ, ઈશ્વરભાઈ ભીમભાઈ પટેલ, ગુણવંતભાઈ ભીમભાઈ પટેલ, રમેશભાઈ ભીમભાઈ પટેલ, જસુબેન ભીમભાઈ પટેલ, ભાનુબેન ભીમભાઈ પટેલ, તારાબેન ભીમભાઈ પટેલ, ચંચળબેન તે ભોગીલાલ ભીમભાઈની પત્ની, આશિષભાઈ ભોગીલાલ, પરેશભાઈ ભોગીલાલ, કામીનીબેન તે ભોગીલાલ ભીમભાઈની પુત્રી તથા વિપુલભાઈ રામુભાઈની પત્નીનાઓ સદરહુ જમીન તેઓની સંપૂર્ણ અને કાયદેસરની માલિકી, કબજા ભોગવટા વહીવટ હેઠળની હોવાનું જણાવી અમારા અસીલશ્રી મેહુલકુમાર પ્રબોધભાઈ દેસાઈને વેચાણ આપવા નકકી કરેલ છે અને સદરહુ મિલકતનો અમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં કરાવી લેનાર છે. સબબ, ઉપરોકત મિલકતમાં જો કોઈ પણ વ્યકિત, સંસ્થા, બેંક કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, બોજો કે લાગભાગ હોય કે કોઈ પણ ઈઝમેન્ટરી રાઈટસ્ હોય કે અન્ય કોઈ પણ પ્રકારના હકકો હોય તો તેની જાણ દિન-૭(સાત)માં અમોને લેખિતમાં દસ્તાવેજીપુરાવાઓ સહિત કરવી અન્યથા તેવાં હકકો ન હતા અને નથી અને હોય તો જતા કર્યા છે યાને કે વેવ કર્યા છે તેમ માની મુદત વિત્યે અમારા અસીલ વેચાણ અંગેની તમામ પ્રકારની કાર્યવાહી પુરી કરી દેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફિસ : સડક ફળીયું મોજે. અરીયાણા, તા. ઓલપાડ, જી.સુરત મો. નં. ૯૭૨૪૮-૦૧૯૧૪

વિપુલ પી.પટેલ તે ખરીદનારના એડવોકેટ